નાઝીઓથી છુપાઈને

ડેવિડ એ. એડલર
ચિત્ર: કારેન રિત્ઝ



નાઝીઓથી છુપાઈને

ડેવિડ એ. એડલર

ચિત્ર: કારેન રિત્ઝ

લોરનો જન્મ બીજા વિશ્વયુદ્ધથી થોડા સમય પહેલા જ થયો હતો. એના માતા-પિતા યહૂદી હતા. એના દેશમાં એડોલ્ફ હિટલર સત્તા પર આવ્યા પછી એ નાઝીઓથી બચવા માટે હોલેન્ડ ભાગી ગયા હતા. પણ 1940 માં જર્મન સેનાએ હોલેન્ડ પર હૂમલો કર્યો. હવે એ ત્યાં પણ સુરક્ષિત ન હતા.

ચાર વરસની ઉંમરમાં લોરને માતા-પિતાથી અલગ છુપાવા માટે મોકલવામાં આવી. પહેલા એમ્સ્ટર્ડેમની એક દંપતી પાસે, પછી એક ડચના ખેતીવાડી વિસ્તારમાં શાઉટન પરિવાર સાથે રહેવા માટે મોકલવામાં આવી. જયારે પણ નાઝી એના ખેતર પાસે આવતા, ત્યારે શાઉટન પરિવાર લોરને પાસેના કોઈ ગામમાં મોકલી દેતા, અથવા એક ગુપ્ત ઓરડામાં છુપાવી દેતા. લોરે થોડા વર્ષો સંતાઈને વિતાવ્યા. લોરને એની દેખભાળ કરવાવાળા શાઉટન પરિવાર સાથે પ્રેમ થઇ ગયો. એની કોશિશોને કારણે એ બચી શકી અને પછી એના માતા-પિતા પાસે પાછી જઇ શકી હતી.

લોર બેયરની સત્ય કથા પર આધારિત આ માર્મિક કથા એક બાળકીની નજરોથી યહૂદીઓના નરસંહારનું વર્ણન કરે છે.

નાઝીઓથી છુપાઈને

ડેવિડ એ. એડલર

ચિત્ર: કારેન રિત્ઝ



લેખક આ હસ્તપ્રત તૈયાર કરવા માટે લોર બેયરના સહકાર માટે એનો આભાર માને છે. હિડન ચાઈલ્ડ ફાઉન્ડેશન/એડીએલ ની એન શોરનો પણ આભાર માને છે.



અર્ન્સ્ટ બેયરનો જન્મ 1907 માં જર્મનીમાં થયો હતો. એના માતા-પિતા અને દાદા-દાદીનો જન્મ પણ ત્યાં જ થયો હતો. બેયર પરિવાર વફાદાર જર્મન નાગરિક હતા. પણ 1933 માં યહૂદી હોવાને કારણે અર્ન્સ્ટ બેયરને લાગ્યું કે એને એની જન્મભૂમિ છોડવી જ પડશે.

એ વર્ષે જાન્યુઆરીમાં નાઝી પાર્ટીના અધ્યક્ષ એડોલ્ફ હિટલર જર્મન સરકારના ચાન્સેલર બન્યા. ચાન્સેલર બનવાના થોડા સમયમાં જ યહૂદીઓની દુકાનોનો બહિષ્કાર શરુ થયો. એણે લખેલા પુસ્તકો બાળી નાખવામાં આવ્યા, એની નોકરી પરથી એને બરતરફ કરવામાં આવ્યા. દરેક જગ્યાએ યહૂદીઓની "જરૂર નથી" એવી સૂચના દેખાવા લાગી.

અર્ન્સ્ટ બેયરને અસલામતી લાગવા લાગી. એણે એનું ઘર, એનું કામ, અને એની પ્રેમિકા એડિથ સ્મિટ ને છોડયા અને હોલેન્ડના એક શહેર એમ્સ્ટર્ડેમ ચાલ્યા ગયા. ત્યાં એણે એના મિત્ર હર્બર્ટ ગોટ્ટ્તશલ સાથે એક કસાઈની દુકાન ખોલી.



1934 માં એડિથ સ્મિટ અર્ન્સ્ટ પાસે એમ્સ્ટર્ડેમ આવી ગઈ. બંનેએ લગ્ન કર્યા અને હર્બર્ટ અને એની પત્ની એરના સાથે એની દુકાન પાસે જ એક નાનું ઘર ભાડે લઇ લીધું.

બેયર દંપતી એ વાતથી ખુશ હતું કે એ એમ્સ્ટર્ડેમ આવી ગયા હતા. આગલા થોડા વર્ષોમાં જર્મનીમાં બીજા પણ યહૂદી વિરોધી કાયદા પસાર કરવામાં આવ્યા. ઘોષણા કરવામાં આવી કે યહૂદી જર્મનીના નાગરિક જ નથી. એને જર્મનીનો ધ્વજ લહેરાવવાની પણ અનુમતિ ન હતી. જર્મનીના હજારો યહૂદી ભાગીને હોલેન્ડ ગયા.

જે નફરતથી બચીને બેયર દંપતી ભાગ્યું હતું, એ નફરત હવે ફેલાઈ રહી હતી.



બેયર અને ગોટ્ટ્તશલ દંપતીઓને એમ્સ્ટર્ડેમ આવ્યાના પછીના વર્ષોમાં એડોલ્ફ હિટલર યુદ્ધની તૈયારી કરતો રહ્યો હતો. માર્ચ 1938 માં હિટલરે જર્મન સેનાઓને એના પાડોશી દેશ ઓસ્ટ્રિયા મોકલી અને એને બૃહદ જર્મનીનો હિસ્સો ગણાવ્યું. 1938 ના પાનખરની મોસમમાં જર્મનીએ ચેકોસ્લોવેકિયાનો એક ભાગ સુડેટેનલેન્ડ પર કબ્જો કરી લીધો. સપ્ટેમ્બર 1939 માં જર્મન સેનાઓએ પોલેન્ડ પર હૂમલો કર્યો. એના બે દિવસ પછી બ્રિટન અને ફ્રાંસે જર્મની સાથે યુદ્ધનું એલાન કર્યું.





1938 માં જર્મની દ્વારા ઓસ્ટ્રિયા અને સુડેટેનલેન્ડ કબ્જે કર્યા પછી જ ગોટ્ટ્તશલ અને બેયર દંપતીને એક-એક બાળક થયું.

પણ હર્બર્ટ ગોટ્ટ્તશલે તો એના એકમાત્ર દીકરાને જોયો પણ નહીં. 1938 ની શરૂઆતમાં હૃદયના હુમલાથી એનું મૃત્યુ થયું. એના દીકરા હાન્સનો જન્મ થોડા અઠવાડિયા પછી માર્ચના મહિનામાં થયો. એડિથ અને અર્ન્સ્ટની દીકરી લોર નો જન્મ ઓગસ્ટમાં થયો.

લોર બેયરના જન્મના થોડા સમય પછી જ એના નાના જુલિયસ સ્મિટ એને મળવા આવ્યા. એના પિતા જર્મનીથી નીકળીને આવ્યા એ વાત પર એડિથ બેયર બહુ ખુશ હતી. એણે એના પિતાને એમ્સ્ટર્ડેમમાં વસવા માટે મનાવી લીધા. એને લાગ્યું કે એ ત્યાં સુરક્ષિત રહેશે.





બેયર અને ગોટ્ટશલ પરિવાર જે ઘરમાં રહેતા હતા, જુલિયસ સ્મિટ પણ એમાં રહેવા લાગ્યા. દિવસના જયારે અર્ન્સ્ટ અને એડિથ દુકાન પર જતા ત્યારે એ લોરની દેખભાળ કરતા. એ એને બાબાગાડીમાં ફેરવતા, અને લોર મોટી થઇ ત્યારે બંને હાથ પકડીને લાંબે સુધી ચાલવા જતા. લોરને એના નાના પર બહુ પ્રેમ હતો. એ એને ઓપા કહીને બોલાવતી હતી.



લોરને રમવાનું ગમતું હતું. એ અને હાન્સ હળી-મળીને રમકડાંથી ઘર-ઘર અને ડોક્ટર-ડોક્ટર રમતા હતા. લોરને સંતાકૂકડીની રમત બહુ પસંદ હતી. અને સંતાવાની એની મનપસંદ જગ્યા હતી ધાબળાની નીચે!





10 મે 1940 ના દિવસે જર્મન સેનાએ હોલેન્ડ પર હુમલો કર્યો. થોડા દિવસો પછી હોલેન્ડની સેનાએ સમર્પણ કરી દીધું. મહારાણી વિલ્હેલમીના અને એની સરકારના સદસ્ય બચીને બ્રિટન ભાગી ગયા.

અર્ન્સ્ટ બેયર પણ જીવ બચાવીને ભાગવા ચાહતા હતા. એણે પોતાને માટે અને પરિવારના બધા લોકો માટે વિઝાની અરજી કરી. પણ સંયુક્ત રાજ્ય અમેરિકા અને ક્યૂબાના પ્રતિનિધિઓએ વિઝા આપવાની મનાઈ કરી દીધી.

જર્મન સેનાની પાછળ-પાછળ નાઝી પણ હોલેન્ડ આવી પહોંચ્યા.

એણે સૌથી પહેલા તો યહૂદી વિરોધી કાયદા લાગુ કર્યા. યહૂદીઓ માટે ખરીદીનો સમય બપોરે 3 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી સીમિત કરી દેવામાં આવ્યો. એની સંપત્તિ લઇ લેવામાં આવી. એની નોકરીઓ છીનવી લેવામાં આવી. મે 1942 થી એને પીળા સિતારાનું નિશાન પહેરવાનું ફરજીયાત કરવામાં આવ્યું, જેથી બધાને ખબર પડે કે એ યહૂદી છે.

પછી ધરપકડ શરુ થઇ.





ધરપકડ કરાયેલા યહૂદીઓને વેસ્ટરબોર્ક મોકલવામાં આવ્યા, જે હોલેન્ડના ઉત્તર-પશ્ચિમમાં બનાવવામાં આવેલું એક અસ્થાયી અને કાર્ય શિબિર હતું. ત્યાંથી મોટા ભાગના લોકોને ઓશવિત્ઝ તથા સોબીબોરની યાતના શિબિરોમાં લઈ જવામાં આવતા હતા, જ્યાં એને મારી નાખવામાં આવતા હતા. પહેલા નાઝીઓએ ફક્ત બેરોજગાર યહૂદીઓની ધરપકડ કરી. પછી બીજા બધાની ધરપકડ શરુ થઈ ગઈ.

માર્ચ 1943 માં બેયર પરિવારના દરવાજાને કોઇએ જોરથી ખખડાવ્યો. ગણવેશ પહેરેલા બે નાઝી બંદૂક સાથે અંદર ઘુસી ગયા.

લોર ડરીને પગથિયાની નીચે સંતાઈ ગઈ.

નાઝીઓએ એડિથ બેયરને થોડા કાગળ દેખાડયા. એ ઓપા માટે આવ્યા હતા. એડિથ રડી પડી. એણે એના વૃદ્ધ પિતા ઉપર કૃપા કરવાની યાચના કરી. "તમે એને ન લઈ જઇ શકો!" એણે ચીસ પાડી. "ન લઈ જઇ શકો!"

પણ એ લઈ ગયા.

એડિથ, અર્ન્સ્ટ અને લોરે ઓપાને પાછા ક્યારેય જોયા નહીં.



ઓપાને થોડા મહિના સુધી વેસ્ટરબોર્ક રાખવામાં આવ્યા. પછી ત્યાંથી જર્મનીમાં યહૂદીઓ માટે બનાવેલી બર્ગન-બેલ્સન યાતના શિબિરમાં લઇ જવામાં આવ્યા, જ્યાં એ મૃત્યુ પામ્યા.

એડિથ અને અર્ન્સ્ટ બેયર અને એરના ગોટ્ટ્તશલ જાણતા હતા કે નાઝી પાછા આવશે. એમણે નક્કી કર્યું કે જીવ બચાવવા માટે છુપાઇ જશે. એમને લાગ્યું કે બાળકોએ માઁ-બાપ સાથે સંતાવું ન જોઇએ. એવું કરવાથી એ સુરક્ષિત રહેશે.

બેયર દંપતીએ નક્કી કર્યું કે એ લોરને એલ્સે અને સેમ આઇઝેકસના ઘરે લઇ જશે. એ એને કસાઇની દુકાનને લીધે જાણતા હતા. પણ એણે લોરને કહ્યું નહીં કે એ એને ત્યાં કેમ લઇ જઇ રહ્યા છે. એ નાની લોરને ડરાવવા ચાહતા ન હતા. એમણે બસ એટલું કહ્યું કે "તું કોઇને એવું નહીં કહેતી કે તારું નામ બેયર છે, અને એ પણ ન કહેતી કે તું યહૂદી છે."

"સારી બનીને રહેજે," એડિથ અને અર્ન્સ્ટ એ લોરને સમજાવી. "અમે જલ્દી તને મળશું." એટલું કહીને એ જતા રહ્યા.



લોર બહુ ડરી ગઈ. એ ફક્ત સાડા ચાર વર્ષની હતી. એને સમજાયું જ નહીં કે એના માતા-પિતાએ એને કોઈ બીજાને કેમ સોંપી દીધી છે. એને લાગ્યું કે ચોક્કસ એણે કોઈ ભૂલ કરી હશે.

લોર આઈઝેકસ દંપતી સાથે ફક્ત એક અઠવાડિયા માટે જ રહી. આઈઝેકસ ને ચિંતા થવા લાગી કે એના પાડોશીઓને એ ખબર ન પડી જાય કે એણે એક યહૂદી છોકરીને સંતાડીને રાખી છે. અથવા એ કે સેમ પોતે એક યહૂદી છે. આગલા થોડા અઠવાડિયામાં એણે લોરને ઘણી જગ્યાએ સંતાવા માટે મોકલી. પણ નાઝી તો ચારેબાજુ હાજર હતા. દરરોજ વધારે લોકોની ધરપકડ થઈ રહી હતી. એમ્સ્ટર્ડેમમાં કોઈ ઠેકાણું સુરક્ષિત ન હતું.



એપ્રિલ 1943 માં સેમ આઈઝેકસ લોરને રેલગાડીમાં બેસાડીને ઓર્ન લઈ ગયા, જે ડચ કૃષિ ક્ષેત્રનું કેન્દ્ર હતું. એને સ્ટેશન પર બે સાઇકલ સવાર મળ્યા. એણે કહ્યું કે હવેથી એનું નામ લોર ફ્રૂક છે. એકે એને પોતાની સાઇકલના હાથા પર બેસાડી અને એને સંતાવાની એક નવી જગ્યાએ લઈ ગયા. એ જગ્યા હતી ઓસ્ટરબ્લોકર પાસે શાઉટન ફાર્મ.

ત્યાંના લોકોએ લોર વિષે બહુ સવાલો ન પૂછ્યા. જો કોઈ પૂછતું, તો મા અને પા શાઉટન કહેતા કે લોર એની ભાણી છે. એના માતા-પિતા કામની શોધમાં છે. જયારે એ એક જગ્યાએ ટકીને રહેવા લાગશે, ત્યારે બેટી એની પાસે રહેવા જતી રહેશે.





શાઉટન દંપતીના પાંચ મોટા બાળકો હતા, ત્રણ દીકરા અને બે દીકરી. એની સૌથી નાની દીકરી, કોર્નેલીઆ, વીસ વરસની હતી. લોરને એના જ રૂમમાં રાખવામાં આવી.

કોર્નેલીઆ લોર સાથે એક માઁ જેવો વર્તાવ કરવા લાગી.

રાતે ઘણીવાર લોર ડરી જતી હતી. એને લાગતું કે જો એ આંખો બંધ કરશે તો કોર્નેલીઆ પણ જતી રહેશે. એટલે કોર્નેલીઆ એનો હાથ પકડી રાખતી જેથી એ સૂઇ શકે.

શાઉટન ફાર્મ લોર માટે એક નવી દુનિયા હતી. ઓસ્ટરબ્લોકર આવ્યા પહેલા લોરે ક્યારેય ગાય, ઘેટાં અને એટલે દૂર સુધી પ્રસરેલું ઘાસ જોયું ન હતું! એને ખુલા મેદાનમાં દોડવાનું સારું લાગતું હતું.

કોર્નેલીઆએ એને ગાય દોહવાનું, બ્રેડ બનાવવાનું, માખણ કાઢવાનું અને ક્રીમ બનાવવાનું શીખવ્યું.



રવિવારે એ શાઉટન પરિવાર સાથે ચર્ચ જતી. 1944 ના આરંભમાં એણે ચર્ચની સ્કૂલમાં જવાનું શરુ કર્યું. એની સાથે ભણતા બાળકોને ખબર ન હતી કે એ યહૂદી છે. એ રહસ્યની જાણ ફક્ત પાદરીને હતી. એ ધ્યાન રાખતા હતા કે લોર સુરક્ષિત રહે.





શાઉટન પરિવાર પાસે સંતાઇને રહેવાવાળી એકલી લોર ન હતી. નાઝીઓથી બચીને ભાગવાવાળા ઘણા લોકો થોડા સમય માટે શાઉટન પરિવાર પાસે રોકાતા.

નાઝી પણ આવતા.

જો નાઝીના આવવાની ખબર પહેલા જ મળી જતી, તો કોર્નેલીઆ લોરને એની સાઇકલ પર બેસાડીને પાસેના ગામમાં એની બહેનના ઘરે લઇ જતી. એ ત્યાં સુધી રોકાતા જ્યાં સુધી ખબર ન પડે કે પાછા જવાનું સુરક્ષિત છે.

ક્યારેક એનાથી બચીને ભાગવાનો સમય ન મળતો.



ત્યારે લોરને સૌથી નજીકની અલમારી પાસે લઇ જવામાં આવતી. ભોંયતળિયાના પાટિયા નીચે એક ગુપ્ત ભોંયરું હતું. એ ભોંયરું કોઠારમાં રાખેલા ઘાસની નીચે છુપાવેલી મોટી પેટી સુધી જતું હતું.

છુપાવાનું હવે લોર માટે કોઇ રમત ન હતી. એને સંતાવાનો ડર લાગી રહ્યો હતો. એને છુપાતી વખતે ઉધરસ કે છીંક ખાવાની મનાઇ હતી. એને સાવ ચૂપ રહેવું પડતું હતું, જેથી નાઝીને એની ભાળ ન મળે.

લોર ક્યારેય એકલી સંતાતી ન હતી. ઘાસચારાના એ માળિયામાં હંમેશા થોડા બીજા લોકો પણ સંતાયેલા હતા. એ એને જોઇ શકતી ન હતી. ક્યારેક એ વિચારતી કે એના માતા-પિતા પણ અંધારામાં એની સાથે છુપાયેલા તો નહીં હોય.





છુપાવાનો બીજો શિયાળો, 1944-45, બહુ મુશ્કેલ હતો. હોલેન્ડના ઘણા લોકો પાસે હવે ખાવા માટે કંઇ બચ્યું ન હતું. એ ડચ કૃષિ ક્ષેત્રમાં એના પૈસા, ચાંદી, આભૂષણ, અને બીજી કિંમતી વસ્તુઓ લઇને જતા ને એના બદલામાં થોડી ખાદ્ય સામગ્રી માંગતા.

શાઉટન પરિવાર એવી રીતે અયોગ્ય ચુકવણી લેતા ન હતા. એની પાસે જે કંઇ પણ હોય એમાંથી બહુ ઉદારતાથી એ કંઇ ને કંઇ જરૂર આપતા હતા.



પણ જયારે નાઝી સૈનિકો ખાવાનો સામાન લેવા આવતા ત્યારે શાઉટન પરિવાર કહેતો કે એની પાસે કંઇ નથી. દૂધ ફાટી ગયું છે, અને પાક બગડી ગયો છે.

1944 ના મધ્ય સુધીમાં જર્મની હારવા લાગ્યું હતું. 25 એપ્રિલ 1945 માં રશિયન સેનાએ જર્મનીની રાજધાની બર્લિનને ઘેરી લીધી. 30 એપ્રિલ 1945 ના દિવસે એડોલ્ફ હિટલરે આત્મહત્યા કરી લીધી. આઠ દિવસ પછી 8 મે ના દિવસે યુરોપનો વિજય દિવસ આવ્યો. ઘણા દેશોની સેનાએ મળીને જર્મન સેનાને હરાવી દીધી હતી.

શાઉટન પરિવારે પણ યુદ્ધના અંતની ઉજવણી કરી. એના થોડા દિવસો પછી કોર્નેલીઆએ લોરને જણાવ્યું કે એના માતા-પિતા એને ઘરે લઇ જવા આવવાના છે.

લોરને વિમાસણ થઇ. એને તો એવું લાગવા લાગ્યું હતું કે ફાર્મ જ એનું ઘર છે. એ કોર્નેલીઆ અને શાઉટન પરિવાર સાથે જ રહેવા ચાહતી હતી.



એડિથ અને અર્ન્સ્ટ બેયર પાછલા બે વર્ષોથી એ સપનું જોઇ રહ્યા હતા જયારે એ એની બાળકીને ફરી જોઇ શકશે. એણે કલ્પના કરી હતી કે લોર દોડીને આવશે અને એના બાહુપાશમાં લપેટાઇ જશે.

પણ એ આવી નહીં.

જયારે બેયર દંપતી એને લેવા આવ્યું, તો એ ફરી સંતાવા લાગી. એની માઁ અને પિતાથી સંતાવા એ કોર્નેલીઆની પાછળ સંતાઇ ગઇ.





એડિથ અને અર્ન્સ્ટ થોડા દિવસો શાઉટન પરિવાર સાથે રહ્યા જેથી લોર એની હાજરી સહજ રીતે સ્વીકારે. એણે લોરને સમજાવી કે એણે કંઇ ખોટું કર્યું ન હતું. એ એને આઇઝેકસ પરિવાર પાસે એટલા માટે છોડીને ગયા હતા કે એ સુરક્ષિત રહે. એટલા માટે કે એ એને ખુબ જ પ્રેમ કરતા હતા.

હકીકતમાં એડિથ અને અર્ન્સ્ટ ઓસ્ટરબ્લોકરની પાસે જ સંતાઇને રહ્યા હતા. વિજય દિવસ પછી એણે એલ્સે અને સેમ આઇઝેકસ સાથે સંપર્ક સાધ્યો હતો. ત્યારે એને ખબર પડી કે લોર ક્યાં છે.

લોરનો મિત્ર હાંસ અને એની માઁ એરના પણ બચી શક્યા હતા. હાંસ એક ખ્રિસ્તી પરિવાર સાથે હોલેન્ડની રાજધાની ધ હેગ માં રહ્યો હતો. એરના એમ્સ્ટર્ડેમમાં એક ખ્રિસ્તી મહિલાના એપાર્ટમેન્ટમાં છુપાઇને રહી હતી. એક ભયજનક એસએસ ટૂકડીનો વર્દીધારી નાઝી પણ એ જ ઇમારતમાં રહેતો હતો. એરનાને એનાથી બચવા માટે બારીથી પણ દૂર રહેવું પડતું હતું. એણે એ એપાર્ટમેન્ટની બહાર ક્યારેય પગ મૂક્યો ન હતો.

શાઉટન પરિવાર સાથે થોડા દિવસો વિતાવ્યા પછી એડિથ, અર્ન્સ્ટ અને લોર બેયર એમ્સ્ટર્ડેમ પાછા ફર્યા. છુપાવાના દિવસો હવે વીતી ગયા હતા. એ બધા ફરી એક વાર સાથે હતા. 1947 માં બેયર પરિવાર સંયુક્ત રાજ્ય અમેરિકા ચાલ્યો ગયો.

પણ ત્યાં પણ બેયરને એની નાની દીકરીને ખોવાનો ભય સતાવતો રહ્યો. રોજ સવારે લોરને સ્કૂલ લઇ જતી વખતે એડિથ લોર પાસે વાયદો કરાવતી કે એ બપોરના ભોજનના સમયે એને જોઇને હાથ હલાવશે.

એડિથ સ્કૂલ પાસે જ એક કારખાનામાં કામ કરતી હતી. બરાબર બાર વાગ્યે એ કામ બંધ કરીને બારીમાંથી લોરને જોતી હતી. લોરને એના માતા-પિતા પર ભરોસો કરવા માટે, એને ફરી પ્રેમ આપવા માટે, ઘણા વર્ષો લાગ્યા. પણ ઓછામાં ઓછું એ સુરક્ષિત હતી. એ નાઝીઓના નરસંહારથી બચી ગઇ હતી.



લેખકની નોંધ

મે 1940 માં, જર્મનીના હુમલાની પહેલા, હોલેન્ડમાં 140,000 યહૂદી રહેતા હતા. એમાંથી 23,000 જર્મનીથી આવેલા શરણાર્થી હતા. હોલેન્ડ આવ્યા પછી નાઝીઓના પહેલા ફરમાનોમાંથી એક હતું: જેટલા પણ યહૂદી જાન્યુઆરી 1933 પછી હોલેન્ડ આવ્યા હતા એને નજરકેદ શિબિરોમાં મોકલવામાં આવશે. એની મિલકત જપ્ત કરવામાં આવશે. એ કારણથી લોરના પ્યારા ઓપા ની ધરપકડ કરવામાં આવી હતી.

હોલેન્ડમાં રહેવાવાળા યહૂદીઓમાંથી લગભગ 106,000 અથવા 107,000 યહૂદીઓને મોતની શિબિરોમાં મોકલવામાં આવ્યા હતા. જ્યાં એમાંથી 100,000 થી વધારે ની હત્યા કરવામાં આવી. થોડા યહૂદી હોલેન્ડથી બચીને નીકળી શક્યા હતા. અનુમાન છે કે 22,000 થી 25,000 યહૂદી નાઝીઓથી બચવા માટે છુપાઈ ગયા હતા, એમાંથી લગભગ અડધા જ યુદ્ધ પછી બચી શક્યા હતા.

ગોટ્ટશલ પરિવાર પણ 1947 માં અમેરિકા ગયો. એ જ વર્ષે જયારે બેયર પરિવાર પણ ત્યાં ચાલ્યો ગયો. બંને પરિવારોમાં મિત્રતા કાયમ રહી.

1950 માં બેયર દંપતીની બીજી દીકરી લીલીયનનો જન્મ થયો. લોર બેયર હવે એક કલાકાર અને કલા ચિકિત્સક છે. એ થોડી વાર ઓસ્ટરબ્લોકર પાછા ફર્યા છે, જેથી શાઉટન પરિવારનો આભાર માની શકે, એને એ જણાવી શકે કે એ સમજે છે કે શાઉટન પરિવારે એના હૃદય અને ઘર એના જેવા લોકો માટે ખોલ્યા હતા અને એનો જીવ બચાવ્યો હતો.

1992 માં કમિશન ફોર ધ ડેઝિગ્નેશન ઓફ ધ રાઇટિયસ (પ્રામાણિક લોકોને પદનામિત કરવાવાળો આયોગ) એ થીઓડોરસ (પા), મારિયા (મા), તથા કોર્નેલીઆ શાઉટનને 'રાઈટિયસ અમન્ગ ધ નેશન્સ' ના પદકથી સન્માન્યા. એના નામ ઇઝરાયલના ગાર્ડન ઓફ ધ રાઈટિયસ માં સન્માનિત લોકોની દીવાલ પર કોતરવામાં આવ્યા. માર્ચ 1995 માં એના ઉમદા કાર્યો માટે એને ઇઝરાયલના માનદ્ નાગરિક બનાવવામાં આવ્યા.

ડેવિડ એ. એડલર કિશોરો માટેના અનેક પુસ્તકોના લેખક છે. એમાં પ્રખ્યાત સચિત્ર જીવનચરિત્રની શૃંખલા પણ સામેલ છે. એણે યહૂદી સંસ્કૃતિ, સાહિત્ય અને રીતિ-રિવાજો પર ઘણા વિખ્યાત પુસ્તકો રચ્યા છે, જેવા કે હિલ્ડે એન્ડ એલી: ચિલ્ડ્રન ઓફ ધ હોલોકોસ્ટ તથા ચાઇલ્ડ ઓફ ધ વોરસો ઘેટ્ટો.

મિસ્ટર એડલર એના પરિવાર સાથે ન્યુયોર્કમાં રહે છે.

કારેન રિત્ઝ એના પરિવાર સાથે સેન્ટ પોલ, મિનિયાપોલીસમાં રહે છે. એને ઇતિહાસમાં વિશેષ રુચી છે. એણે કિશોર પાઠકો માટે ઘણા બિન-સાહિત્યિક પુસ્તકોને ચિત્રિત કર્યા છે. એમાં એલિસ આઇલેન્ડ: ડોરવે ટૂ ફ્રીડમ તથા એ પિક્ચરબૂક ઓફ એન ફ્રેન્ક સામેલ છે.